# ગુહાઈ ડેમમાં દડો લેવા ગયેલા ત્રણ કિશોરોના ડુબી જતા મોત

## એક કિશોરને પાણીમાંથી કાઢવા બે કિશોરે જાનની બાજી લગાવી : પગ લપસી જતા ત્રણેય કિશોરો ચીકણી માટીમાં ખુંપી ગયા : ત્રણ પૈકી એક કિશોર વિજયનગરના આંતરી કંપાનો, બે કેશરપુરાના હતા

હિંમતનગર, તા. ૯

ઉનાળુ વેકેશન શરૂ થઈ ચુક્યુ છે ત્યારે મોટાભાગના કિશોરો અને યુવાનો આખો દિવસ ક્રિકેટ રમવામાં મશગુલ હોય છે. ત્યારે બુધવારે હિંમતનગર તાલુકાના કેશરપુરા ગામની પડતર જમીનમાં ૬ કિશોરો ક્રિકેટ મરવા ગયા હતા. ત્યારે અચાનક દડો ગુહાઈ ડેમના ઊંડા ખાબોચીયામાં જઈને પડતા દડો લેવા ગયેલા એક કિશોરનો પગ ચીકણી માટીને કારણે લપસી જતા તે પાણીમાં ડુબવા લાગ્યો હતો. જેથી અન્ય બે કિશોરોએ તેને બચાવવા માટે જાનની બાજી લગાવીને બંને જણા કુદી પડ્યા હતા. જેથી તેઓ પણ પાણીમાં ગરકાવ થઈ જતા પાણી પી જવાને કારણે ત્રણેય કિશોરોના કરૂણ મોત નિપજયા હતા. ત્યારબાદ ત્રણેયને હિંમતનગર સિવિલમાં લવાયા હતા.

આ અંગે આધારભુત સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ વેકેશન હોવાને કારણે બુધવારે સવારે કેશરપુરા ગામેથી ૬ કિશોરો ગામની સીમમાં આવેલ એક પડતરમાં ક્રિકેટ રમવા ગયા હતા. દરમ્યાન અચાનક ક્રિકેટનો દડો નજીક આવેલ ગુહાઈ ડેમના કેચમેન્ટ એરીયામાં ભરાયેલા મોટા પાણીના ખાબોચીયામાં જઈને પડ્યો હતો. જેથી જયકુમાર શૈલેષભાઈ પટેલ (ઉં.વ.૧૩, રહે. કેશરપુરા) લેવા માટે ગયો હતો. જ્યાં અચાનક ચીકણી માટીને કારણે પગ લપસી જતા તે પાણીમાં ખેંચાઈ ગયો હતો. તો બીજી તરફ આ અંગે સહજકુમાર પરેશકુમાર પટેલ (ઉં.વ. ૧૪, રહે. કેશરપુરા)ને ખબર પડતા તે તરત જ જયને બચાવવા માટે પાણીમાં પડ્યો હતો. પરંતુ તે જયને બચાવવાને બદલે પોતે ખાબોચીયાની માટીમાં પગ ખુંપી જતા ફસાઈ ગયો હતો. જેથી મીતકુમાર રમેશભાઈ પટેલ (ઉં.વ. ૧૩, રહે. આંતરી કંપા, તા. વિજયનગર) પણ બંનેને બચાવવા જાનની બાજી લગાવીને પાણીમાં પડ્યો હતો. પરંતુ કમનસીબે ત્રણેય કિશોરો બહાર નિકળવાને બદલે ડુબી ગયા હતા.

ત્યારબાદ આ અંગે ક્રિકેટ રમવા સાથે આવેલા મલયકુમાર ગીરીશભાઈ પટેલને ખબર પડતા તે તરત જ ગામમાં દોડી જઈને જાણ કરી હતી. જો કે ડેમ સાઈટ વિસ્તારમાં કામ કરતા કેટલાક શ્રમજીવીઓ અને ગામના રહિશોએ બચાવ કાર્ય શરૂ કરીને ત્રણેય કિશોરોને મહામુસીબતે બહાર કાઢ્યા હતા. પરંતુ વધુ પડતુ પાણી પી જવાને કારણે તેઓ નિચેત બની ગયા હતા. જેથી ત્રણેયને તાબડતોબ સારવાર માટે હિંમતનગર સિવિલમાં લવાયા હતા. જ્યાં ફરજ પરના તબીબે તપાસીને મૃત જાહેર કર્યા હતા. કેશરપુરા ગામમાં અચાનક બનેલી કરૂણ ઘટનાને કારણે ગામ આખુ શોકમાં ગરકાવ થઈ ગયુ હતુ.

ઘટના અંગે હિંમતનગર સિવિલના મેડીકલ ઓફિસર રીટા સિંહાએ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### આંત્રોલી કંપાનો મીત ફોઈના ઘરે આવ્યો હતો

વિજયનગર તાલુકાના આંતરી કંપામાં રહેતો મીત ઉનાળુ વેકેશન હોવાને કારણે કેશરપુરા ગામે રહેતા સોનલફોઈના ઘરે આવ્યો હતો. જ્યાં અચાનક ક્રિકેટ રમવા ગયો હતો ત્યારે કમનસીબે કાળનો કોળીયો બની ગયો છે. જોકે મીતે ચાલુ વર્ષે ધો. ૧૦ની પરીક્ષા આપી હતી.

### સહજ અને જય હિંમતનગર ભણતા હતા

મૂળ કેશરપુરા ગામના અને હાલ પરીવાર સાથે હિંમતનગર રહેતા સહજ ધો. ૮માં અને જય ધો. ૯માં ભણતો હતો. જોકે તેઓ તેમના મા-બાપના એકના એક જ કુળદિપક હતા. પણ હવે જ્યારે આ બંને કિશોરોએ આ ફાની દુનિયા છોડીને અનંતયાત્રાએ ચાલ્યા ગયા છે ત્યારે તેમના પરીવારમાં કદી ન પુરાય તેવી ખોટ પડી છે.

### ત્રણેય કિશોરો મામા-ફોઈના હતા

આંતરી કંપાનો મીત તથા કેશપુરાના સહજ અને જય મામા-ફોઈના હોવાને કારણે અચાનક બનેલી ઘટનાથી ત્રણેય પરિવારો સહિત કચ્છી પટેલ સમાજ તેમના અંતિમ દર્શન કરવા માટે આવ્યો ત્યારે સૌની આંખો અશ્રુભીની બની ગઈ હતી.



## ધાનેરા આશિયા રોડ પરનાં ખેતરમાં બિનઅધિકૃત રીતે ચાલતાં ઇંટવાડા પર મામલતદાર કાયદેસરની કાર્યવાહી કરશે ?

ધાનેરા માં આશિયા રોડ પર આવેલ ખેતરમાં લાલ ઈંટો પાડવાનો ઈટવાડો મોટા પાયે બિન કાયદેસર રીતે અને સરકારનાં નિતી નિયમો વિરૂધ્ધ કામ ચાલી રયું છે આ ઈંટવાડા માં આવતાં નિતી નિયમો અને માલિકીનાં ખેતરમાં બીજા વ્યક્તિઓ જમીન પર ઈંટો પાડી નિતી-નિયમો નો ભંગ કરી ઈંટો પડાઈ રહી છે ખેતરમાં માટીનું ખોદકામ પણ નિયમો વિરૂધ્ધ થઈ રયુ છે તેમજ ઈંટવાડા નાં હિસાબે પ્રદુષણ પણ વધી રયું છે આ બાબતે મામલતદાર શ્રી યોગ્ય તપાસ હાથ ધરી કાયદેસર ની કાર્યવાહી કરશે તેવી લોકો ની માંગ છે.

## મુખ્યમંત્રી રૂપાણી આજે અરવલ્લી જિલ્લામાં

અરવલ્લી, તા. ૯

જિલ્લા કાર્યાલય ખાતે જિલ્લા ભાજપ દ્વારા જળ અભિયાન અંગેની કામગીરી સઘન બનાવવા કાર્યકરોને અનુરોધ કરાયો હતો.

રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સુજલામ્ સુફલામ્ જળ અભિયાન અંતર્ગત આજરોજ તા.૧૦ મીએ અરવલ્લી જિલ્લાની મુલાકાતે આવતા હોઈ બાંઠીવાડા નજીક અજુહીરોલા ગામે જાહેર સભાને સંબોધશે. તે માટેની જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ હાથ ધરાઈ છે.

અરવલ્લી જિલ્લા કાર્યાલય ખાતે જિલ્લા ભાજપા પ્રમુખ રણવીરસિંહ ડાભીએ જળ અભિયાનના ફાયદા અને સિંચાઈની સુવિધા વધારવા સરકારના પ્રયાસોની રૂપરેખા આપી હતી અને મુખ્યમંત્રીના જિલ્લાના કાર્યક્રમ અંગે પણ વિગતે ચર્ચા કરી હતી. જિલ્લા મહામંત્રી શામળભાઈ પટેલે પાર્ટીના આવનારા કાર્યયક્રમો અને સરકારના પ્રજાકલ્યાણની યોજનાઓની વિગતો આપી હતી. બેઠકમાં મહામંત્રી, એમ. ખાંટ, પૂર્વ ધારાસભ્ય દીલિપસિંહ પરમાર, ભીખીબેન પરમાર, બાયડ વિધાનસભાના આગેવાન અદેસિંહ ચૌહાણ, જળ અભિયાન જિલ્લા ઈન્ચાર્જ પ્રભુદાસભાઈ પટેલ, દરેક મંડલમાંથી અપેક્ષિત કાર્યકરો, તાલુકા ઈન્ચાર્જ, જિલ્લા સંગઠનના તેમજ યુવા મોરચા, મહિક મોરચા અને દલિત તેમજ બક્ષીપંચ મોરચા, લઘુમતિ મોરચાના પ્રમુખો, સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત હોદ્દેદારોને જિલ્લામાં તળાવો ચેકડેમોનું નિરીક્ષણ કરવા અંગે જવાબદારી લેવા અનુરોધ કરવામાં આવ્યો હતો.



## મોડાસા કોલેજ રોડ પર કાર-રીક્ષા વચ્ચે ટક્કર રીક્ષા ગોથું ખાઈ ગઈ

મોડાસા-ધનસુરા રાજ્ય ધોરી માર્ગ પર દાદા-દાદી નજીક બુધવારે બપોરના સુમારે કાર અને રીક્ષા વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા રીક્ષા રોડ સાઈડ પલ્ટી ખાઈ ઉંધી વળી જતા ભારે અફડાતફડી મચી હતી. અકસ્માતના પગલે કારના આગળના ભાગના ભુક્કા બોલાઈ ગયા હતા. સદનસીબે જાનહાની ટળતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. અકસ્માત સર્જી કાર ચાલક કાર ઘટનાસ્થળે મુકી ફરાર થઈ ગયા હતા.

## ધાનેરામાં મોટા પાયે ચાલતો ક્રિકેટ મેચનો સટ્ટાબજાર

નોટબંધી બાદ G.S.T. અને અત્યારે નાણાંની ખુબ જ તંગી અને આર્થિક મંદીના માહોલમાં ધાનેરામાં બે-નંબરી પૈસાવાળા અને ઘેર નાણાનો સંગ્રહ કરતાં લોકો પોતાના બે-નંબરી નાણાં આઈ.પી.એલ.માં સટ્ટાબજાર દ્વારા ખેલ ખેલી રયા છે.

આ સટ્ટાબજારમાં મોટા માથાં સામીલ છે આવાં મોટા માથાંઓની સાન ઠેકાણે લાવવી પોલીસની ફરજ છે તો બાતમી મેળવી મોટા માથાંઓને ઝડપી લેવા જરૂરી છે આ મોટા માથાંઓ ફોન પર આખો દિવસ સટ્ટાબજાર રમી રહ્યા છે. દેશને ખાડામાં લાવનાર આવાં જુગારી તત્વો પર પગલાં ભરવા જરૂરી છે જીલ્લા પોલીસ વડાં આ બાબતે દયાન દોરી કડક હાથે પગલા ભરે તેવી લોકો ની માંગ છે.

## મોડાસામાં રક્તદાન દ્વારા વિશ્વ રેડક્રોસ દિવસની ઉજવણી

મોડાસા, તા. ૯

અરવલ્લી જિલ્લામાં ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી જિલ્લા શાખા દ્વારા ૮ મે વિશ્વ રેડક્રોસ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં રક્તદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં જિલ્લાના સમારહર્તા એન. નાગરાજને રક્તદાન કરી જિલ્લાવાસીઓને રક્તદાન એ મહાદાનના મહિમા અંગે રાહ ચીંધી હતી. જિલ્લામાં આરોગ્યનગરી તરીકે જાણીતા મોડાસા શહેરમાં જિલ્લાવાસીઓ અને ગરીબો અને જરૂરીયાતમંદ લોકો માટે રાહતદરે દવાઓ મળી રહે તે માટે મેડીકલ સ્ટોર્સ (જેનરીક) અને લેબોરેટરીનુ ઉદ્‌ઘાટન કરવામાં આવ્યુ હતુ. જિલ્લા ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીના ચેરમેન ભરતભાઈ પરમાર, વાઈસ ચેરમેન ડૉ. ટી.બી. પટેલ, મંત્રી રાકેશભાઈ જોષી, ટ્રેઝરર જીતેન્દ્ર અમીન, જિલ્લા ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી દ્વારા લોકોને આરોગ્યલક્ષી સેવાઓ ઉપલબ્ધ કરાવવા સતત સક્રિય રહેતા લોકોને વધુ સેવાઓ ઉપલબ્ધ કરાવવા આશીર્વાદ જિલ્લાના અગ્રણીઓ પાસેથી મેળવ્યા હતા.

મોડાસા શહેરના ડિપ વિસ્તારમાં આવેલા ટ્રેડ સેન્ટર ખાતે ૮ મે વિશ્વ રેડક્રોસ દિવસની ઉજવણીના ભાગરૂપે અને વિશ્વ થેલેસેમીયા દિવસની ઉજવણી રેડક્રોસ સોસાયટી અરવલ્લી જિલ્લા શાખા દ્વારા રક્તદાન કાર્યક્રમ યોજી ઉજવણી કરી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર એન. નાગરાજન, નગરપાલિકા પ્રમુખ વનિતાબેન પટેલ, દેવરાજધામના મહંત ધનગીરી બાપુ, મેઘરજ રામદેવ આશ્રમ દિપકબાપુ, કમલેશ પટેલ સહિત જિલ્લા સહિત મોડાસા શહેરના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીના ચેરમેન ડૉ. ભાવેશભાઈ આચાર્ય દ્વારા ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીની સેવાકીય પ્રવૃત્તિઓ અંગે કાર્યક્રમમાં ઉપસ્થિત લોકોને અવગત કર્યા હતા.



અરવલ્લી જિલ્લા ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી દ્વારા જિલ્લા સહિત મોડાસા શહેરમાં સારવાર અર્થે આવતા જિલ્લાવાસીઓ, ગરીબો અને જરૂરીયાતમંદ લોકો માટે રાહતદરે અને સસ્તા ભાવે દવાઓ મળી રહે તે માટે દિન દયાલ પ્રધાનમંત્રી જન ઔષધી સ્ટોર્સ અને લેબોરેટરીનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

## મૉર્નિંગ વોકમાં નિકળેલા નિવૃત પોલીસકર્મીનું ટેન્કરની અડફેટે મોત

### રોષે ભરાયેલા ટોળાએ ટેન્કર પર પથ્થરમારો કરી કાચ ફોડ્યા

પાલનપુર તાલુકાના લાલાવાડા ગામના નિવૃત પોલીસકર્મી ગત વહેલી સવારે મૉર્નિંગ વોકમાં નિકળ્યા હતા. ત્યારે માતેલા સાંઢ ની જેમ પૂરઝડપે આવી રહેલા બનાસડેરીના ટેન્કર ચાલકે તેમને કચડી નાખતાં ઘટનાસ્થળે મોત નિપજ્યું હતુ. આ અકસ્માતને પગલે ઉશ્કેરાયેલા ટોળાએ પથ્થરમારો કરી ટેન્કરના કાચ તોડી નાખ્યા હતા. આ ઘટનાને પગલે ભારે ઉત્તેજના પ્રસરી જવા પામી હતી. દરમિયાન આ અંગે નોંધાયેલી ફરિયાદના આધારે પોલીસે ટેન્કર ચાલકની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પાલનપુરના રતનપુર વાયા લાલાવાડા માર્ગ ઉપરથી બનાસડેરીના ટેન્કરો બેફામ ગતીએ પસાર થતાં હોય છે. જ્યાં ભૂતકાળમાં પણ જીવલેણ અકસ્માત સર્જાઇ ચૂકયા છે. દરમિયાન ગત વહેલી સવારે લાલાવાડા ગામના નિવૃત એ.એસ.આઇ દૂધાભાઈ જીવાભાઈ પરમાર મૉર્નિંગ વોક કરવા માટે નીકળ્યા હતા. દરમિયાન પુરઝડપે પસાર થઈ રહેલા ટેન્કર નં જીજે. ૦૮. યુ. ૩૪૭૯ ચાલકે તેમને અડફેટમાં લીધા હતા. આ અકસ્માતમાં દૂધાભાઈનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતુ.

અકસ્માતની જાણ થતાં લોકોનું ટોળુ એકત્ર થઈ ગયું હતુ. જ્યાં ઉશ્કેરાયેલા શખ્સોએ પથ્થરમારો કરી ટેન્કરના કાચ તોડી નાખ્યા હતા. ઘટનાની જાણ થતાં પાલનપુર તાલુકા પીએસઆઈ એ. વાય. પટેલ સ્ટાફ સાથે ઘટનાસ્થળે દોડી ગયા હતા. અને સ્થિતિ ઉપર કાબુ મેળવી ટ્રક ચાલકની અટકાયત કરી હતી. આ અંગે મૃતકના પુત્ર રમેશભાઈ દૂધાભાઈ પરમારે તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

## પાલનપુરમાં ક્ષતિગ્રસ્ત સ્ટ્રીટ લાઈટો શરૂ કરવા હેલ્પલાઈન નંબર શરૂ કરાયો

પાલનપુર નગરપાલિકા દ્વારા તાજેતરમાં શહેરમાં લગાવેલી સ્ટ્રીટ લાઇટોને એલઈડી લાઈટોથી સજ્જ કરી દેવામાં આવી છે. જેને લઈ શહેરમાં લગાવેલી સ્ટ્રીટ લાઈટોમાં કોઈ વાર ક્ષતિ જણાતાં શહેરીજનો દ્વારા પાલિકામાં રજૂઆતે ગયા વિના બહાર પાડવામાં આવેલા ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર ૧૮૦૦૧૮૦૩૫૮૦ બહાર પાડ્યો છે. બંધ સ્ટ્રીટલાઈટની રજૂઆતના ૪૮ કલાકની અંદર સ્ટ્રીટ લાઈટની સમસ્યાનો હલ થતો જણાશે અને હેલ્પલાઈન નંબર દ્વારા અરજદારને સ્ટ્રીટ લાઈટની સમસ્યાનો હલ થયો કે નહીં તેનો ફીડબેક પણ પૂછાશે જેને લઈ શહેરીજનોને સ્ટ્રીટ લાઈટની સમસ્યાને લઈ રજૂઆત માટે પાલિકાના પગથિયાં નહીં ચઢવા પડે તેવો હેલ્પ લાઈન નંબર બહાર પડાયો.

પાલનપુર નગરપાલિકા દ્વારા પાલિકા વિસ્તારમાં આવેલી સ્ટ્રીટ લાઈટોને એલઈડી લાઈટોથી સજ્જ કરી દેવામાં આવી છે ત્યારે શહેરમાં લગાવેલી સ્ટ્રીટ લાઈટો કોઈ વાર ક્ષતિ જણાતાં શહેરીજનોને પાલિકામાં રજૂઆત માટે હાલાકી ભોગવવી ન પડે તેને ધ્યાને લઈ કોન્ટ્રાક્ટ આપેલી ઈ.ઈ.એસ.એલ. કંપની દ્વારા શહેરીજનો માટે હેલ્પલાઈન નંબર બહાર પાડવામાં આવ્યો છે જેના દ્વારા અરજદાર ઘરે બેઠા બેઠા હેલ્પલાઈન નંબર ઉપર ફોન કરી ક્ષતિગ્રસ્ત એલઈડીની સમસ્યાના ઉકેલ માટે રજૂઆત કરી શકશે જ્યારે સૂત્રોના જણાવ્યા અનુસાર અરજદારની રજૂઆત આવ્યા બાદ ૪૮ કલાકમાં સમસ્યાનો હલ કરવામાં આવશે.

## મહેસાણા જિલ્લામાં સુજલામ સુફલામ જળ અભિયાન-કામ પુરજોશમાં

મહેસાણા જિલ્લામાં સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત જિલ્લાના વિવિધ તાલુકાઓમાં કામની પ્રગતિ નોંધાઇ છે. જિલ્લાના વિવિધ તળાવોનું ખોદકામ શરૂ કરાયું છે.વિજાપુરના આનંદપુરા ગામના તળાવ ખોદકામનો પ્રારંભ ધારાસભ્યશ્રી રમણભાઇ પટેલે કરાવ્યો હતો. સાસંદશ્રી જયશ્રીબહેન પટેલે અભિયાન અંતર્ગત મનરેગાના થનાર કામો પ્રારંભ કરાયો હતો. જિલ્લામાં મનરેગા હેઠળ ૯૭૨ કામો રૂ.૮૦૪ લાખના ખર્ચે થનાર છે મનરેગા અને જિલ્લા જળસ્ત્રાવ એકમ દ્વારા ૫૬૩ કામો થવાના છે.



ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખાની સાધારણ સભા અને શપથવિધિ સમારોહ યોજાયો હતો.પરમ પુજ્ય શ્યામસુંદરદાસજી મહારાજના સાંનિધ્યમાં ભારત વિકાસ પરીષદ,ભિલોડા શાખાના નવિન હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરાઈ હતી. અતિથિ વિશેષ અને સભાના પ્રમુખ પદે ભારત વિકાસ પરીષદ શાખા ગુજરાત મધ્યપ્રાંતના પદાધિકારી ગીતાબેન દેસાઈ, સાબરકાંઠા-ગાંધીનગર વિભાગ મંત્રી-પ્રભારી નિકેશભાઈ સંખેસરા, સહમંત્રી રાજેન્દ્રભાઈ સોની ઉપસ્થિત રહ્યા હતા. ભારત વિકાસ પરીષદ,ભિલોડા શાખા વર્ષ-૨૦૧૮-૨૦૧૯ નવિન પ્રમુખ જગદીશભાઈ પટેલ,મંત્રી ચંદ્રકાંતભાઈ પટેલ,ખજાનચી નરેન્દ્રભાઈ પ્રજાપતી, હોદ્દેદારો, કારોબારી સભ્યોની સેવાકીય પ્રવૃત્તીને વેગવંત બનાવવા માટે સર્વાનુમતે વરણી કરાઈ હતી.

## મતદારોને પીવીસી ઓળખપત્રો આપવાની કામગીરી વધુ સમય સુધી બંધ રહેશે

આખરી મતદાર યાદીની પ્રસિધ્ધિની કામગીરીને લઈને મતદારોને પીવીસી ઓળખપત્રો આપવાની કામગીરી સ્થગિત કરવામાં આવી હતી. આ કામગીરી હવે તા.૨૦/૦૫/૨૦૧૮ સુધી સ્થગિત રાખવાની સૂચના આપવામાં આવી છે. તેના અનુસંધાને હવે મતદાર સહાયતા કેન્દ્રો ખાતે તા.૨૦/૦૫/૨૦૧૮ સુધી પીવીસી મતદાર ઓળખ પત્રો આપવાની કામગીરી બંધ રહેશે. તમામ સંબંધિતોને તેની નોંધ લેવા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી, મહેસાણા ધ્વારા જણાવાયુ છે.

## ચંડીસર પાસે દંપતિને ટક્કર મારી ગંભીર ઈજા કરનારા બાઈકચાલકને એક વર્ષની સજા

પાલનપુર તાલુકાના ચંડીસર ગામના પાટીયા પાસે ચાર વર્ષ અગાઉ પાલનપુરના શખ્સે ગફલતભર્યુ બાઈક ચલાવી દંપતિને ટક્કર મારી ગંભીર ઈજાઓ પહોચાડી હતી. આ અંગેનો કેસ પાલનપુરની ત્રીજી એડીશનલ સિવિલ કોર્ટમાં ચાલી જતાં ન્યાયાધીશે બાઈક ચાલકને એક વર્ષની સાદી કેદની સજા કરવાનો હૂકમ કર્યો છે.

પાલનપુર- ડીસા હાઈવે પર ચંડીસર નજીક ગત ૨૬મી ઓકટોમ્બર-૨૦૧૪ ના રોજ ભેમાજી ખાનાજી માજીરાણા અને તેમના પત્નિ મીરાબેન સાંજના સમયે જીપમાંથી નીચે ઉતરી ભાડુ આપી રહ્યા હતા. ત્યારે પાલનપુરના શૈલેષભાઈ હમીરભાઈ દેસાઈ (મકવાણા)એ પોતાનું બાઈક નં. જીજે. ૮. એ. એમ.૦૮૭૯ પુરઝડપે હંકારી દંપતિને ટક્કર મારી ગંભીર ઈજા પહોચાડી હતી.

આ અંગે ગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. જે કેસ પાલનપુરના ત્રીજા એડી. સિવિલ જજ એન્ડ જ્યુ મેજીસ્ટ્રેટ આસીફ એમ. મેમણની કોર્ટમાં ચાલી ગયો હતો. જેમણે સરકારી વકીલ એમ. આઈ. સિંધીની દલીલો અને પુરાવા ગ્રાહ્ય રાખી આરોપી શૈલેષભાઈને ઈપીકો ક. ૨૭૯ના ગૂનામાં તકસીરવાન ઠરાવી ત્રણ માસની સાદી કેદ અને રૂપિયા પાંચસોનો દંડ જો દંડ ન ભરે તો વધુ દસ દિવસની સાદી કેદ, ઈપીકો. ક. ૩૩૮માં એક વર્ષની સાદી કેદ રૂપિયા એક હજારનો દંડ જો દંડ ન ભરે તો વધુ પંદર દિવસની કેદ. મોટર વ્હિકલએકટ ક. ૧૩૪ (છ)(ખ)(ઝ)માં રૂપિયા ૫૦ દંડ જો દંડ ન ભરે તો એક દિવસની કેદ, મોટર વ્હિકલ એકટ કલમ ૧૮૪માં એક માસની સાદી કેદ તથા રૂપિયા સોનો દંડ જો દંડ ન ભરે તો વધુ પાંચ દિવસની સાદી કેદનો હૂકમ કર્યો હતો.

## સાબરકાંઠા જિલ્લાની દસ શાળાઓમાં સમરકેમ્પ

હિંમતનગર, તા. ૮

સાબરકાંઠા જિલ્લામાં આવેલી શૈક્ષણિક સંસ્થાઓમાં વાર્ષિક પરીક્ષાઓ પૂર્ણ થયા બાદ તેના પરીણામ શનિવારે જાહેર થઈ ગયા છે અને તે સાથે જ શાળાઓમાં સોમવારથી ઉનાળુ વેકેશન શરૂ થઈ જતા જિલ્લાની શાળાઓમાં ૩૫ દિવસ સુધી શોરબકોર બંધ થઈ ગયો છે. જો કે જિલ્લાની દસ શાળાઓમાં સોમવારથી સમરકેમ્પ શરૂ થયા છે જેમાં વાલીઓ તથા વિદ્યાર્થીઓમાં આવેલી જાગૃતિને કારણે સમરકેમ્પમાં ભાગ લેવા માટે વિદ્યાર્થીઓનો ધસારો શરૂ થયો છે.

આ અંગે જિલ્લા શિક્ષણાધિકારી આર.એસ. ઉપાધ્યાયના જણાવાયા મુજબ સાબરકાંઠા જિલ્લામાં તા. ૭ મે થી ૧૧ જૂન સુધી એટલે કે ૩૫ દિવસનુ ઉનાળુ વેકેશન શરૂ થઈ ગયુ છે. જેના કારણે શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઉનાળુ વેકેશનમાં પરીવાર સાથે આનંદ કરી શકશે જો કે રાજ્ય સરકાર દ્વારા શાળા કોલેજોમાં વેકેશન દરમિયાન સમરકેમ્પ યોજાય તે માટે જિલ્લા શિક્ષણાધિકારીને કરાયેલી તાકીદને જિલ્લામાં ખુબ જ આવકાર મળ્યો છે જેના કારણે સોમવારથી શરૂ થયેલા આ સમરકેમ્પમાં સવારે ૮ થી ૧૧ દરમિયાન જે તે શાળાના બાળકો તથા નજીકના વિસ્તારમાં આવેલ શાળાના બાળકો સમરકેમ્પમાં આવી યોગ, ધ્યાન શિબિર સહિત અન્ય પ્રવૃત્તિમાં હોંશભેર જોડાઈ રહ્યા છે.